# બોરીજમાં દબાણો પર બુલડોઝર ફરી વળ્યુ

**દબાણતંત્રની ટીમ દ્વારા બોરીજમાં ૨૫૪ જેટલા પાકા દબાણોનો સફાયો કરવા તંત્રએ ફરી ઝુંબેશ ઉપાડી : સવારથી રાત સુધી જે સી બી ધમધમતા રહ્યા : પાકા દબાણો દુર કરવા માટે તંત્રએ મોટી ટીમ મેદાને ઉતારી : તુટેલા કાટમાળ અને રહીશોની ઘરવખરીના ઢગ વચ્ચે દબાણ સાફ**

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરના બોરીજ ગામમાં આજે પાકા દબાણોનો સફાયો કરવા માટે દબાણતંત્રની ટીમ ત્રાટકી હતી. બોરીજમાં નદીના પટ સુધી પાકા દબાણો પથરાયેલા છે. જયારે અગાઉ પણ તંત્ર દ્વારા આ વિસ્તારમાં દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. પરંતુ દબાણકર્તાઓએ આ કામગીરીને હાઈકોર્ટમાં પડકારી હતી આખરે હાઈકોર્ટે પણ આ અરજી કાઢી નાંખતા આજે દબાણતંત્રએ પુન : પાકા દબાણો પર બુલડોઝર ફેરવવાનુ શરૂ કર્યુ હતુ. આજે સવારથી શરૂ થયેલી કામગીરી રાત સુધી ચાલી હતી. આ વિસ્તારમાં ૨૫૪ જેટલા દબાણો





દુર કરવા માટે પોલીસ તંત્ર સહીત ૩૦૦ કર્મચારીઓનો કાફલો કામે લાગ્યો હતો.

અક્ષરધામ પાસે સ્થિત બોરીજ ગામમાં પાકા દબાણોએ અજગર ભરડો લીધો છે. સ્થાનિકોએ આ વિસ્તારમાં નદીના પટ સુધી પાકા દબાણોની ભરમાર ઉભી કરી છે. જયારે સિમેન્ટ કોંક્રીટના મજબુત બાંધકામને તોડવાની કામગીરી પણ તંત્ર માટે અઘરી બની છે. અગાઉ પણ તંત્ર દ્વારા આ વિસ્તારમાં દબાણો દુર કરવા માટે અભિયાન હાથ ધર્યુ હતુ. જયારે થોડા દબાણો દુર કરાયા બાદ સ્થાનિકો દ્વારા હાઈકોર્ટમાં અરજી કરી આ

● અનુસંધાન પાન-૭ પર

## અંબાજી ગયેલા દબાણકર્તાઓનો સામાન સલામત રીતે ખસેડાયો

બોરીજમાં હાથ ધરાયેલી દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન મોટાભાગના રહીશોએ સામાન ખસેડી લીધો હતો. જયારે દબાણો પર જે સી બી ફરી રહ્યુ હતુ. ત્યારે એકાદ મકાનમાં સામાન યથાવત પડ્યો હોવાનુ ધ્યાને આવતા તંત્રના અધિકારીઓ દ્વારા આ સામાન ખસેડવા માટે સુચના આપવામાં આવી હતી. દબાણકર્તા અંબાજી ગયા હોવાથી આ ઠેકાણેથી તેમનો માલ સામાન અન્ય ઠેકાણે સલામત ખસેડી આગળનુ કામ હાથ ધરાયુ હતુ.

## અગાઉ બોરીજમાં દબાણકારોને રીક્ષા ફેરવી સુચના આપવામાં આવી

બોરીજમાં અગાઉ પણ દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.જયારે આજે આ વિસ્તારમાં ૨૫૪ જેટલા પાકા દબાણો દુર કરતા પુર્વે તંત્ર દ્વારા ગઈકાલે રીક્ષા ફેરવીને દબાણકારોને જાણ કરવામાં આવી હતી. રીક્ષાના લાઉડ સ્પીકરના માધ્યમથી દબાણ દુર કરવાનુ હોવાથી રહીશોએ પોતાનો સામાન ખસેડી દબાણનુ સ્થળ ખાલી કરી દેવા માટે સુચના આપવામાં આવી હતી.જેના લીધે સ્થાનિકોને પણ વિશેષ હાલાકી વેઠવી ન પડી હતી.



## મોડી સાંજે વરસાદ ખાબકતા દબાણનુ કામ અટકાવી દેવાયુ

બોરીજમાં દબાણ હટાવાની કામગીરી દરમિયાન સાંજે વરસાદ શરૂ થતા કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી. દબાણની કામગીરી દરમિયાન અચાનક જ વરસાદ શરૂ થતા ખુલ્લા આકાશ નીચે ઘરવખરી ખાલી કરીને બેઠેલા દબાણકર્તાઓએ પણ મુંઝવણમાં મુકાવાનો વારો આવ્યો હતો. જયારે વરસાદના લીધે દબાણ તોડવાનુ અટકાવી દેવાયુ હતુ. આવતીકાલે બાકી રહેતા દબાણો દુર કરાશે

## દબાણો દુર કરવા ૨૦ જેસીબી ૪૦ ટ્રેકટર ઉપરાંત ૩૦૦ની ટીમ

બોરીજમાં દબાણ દુર કરવા માટે આજે તંત્રની ટીમ ત્રાટકી હતી. સવારથી જ દબાણ તંત્રની ટીમ મેનપાવર અને મશીનરી સાથે દબાણોનો સફાયો કરવા પહોંચી હતી. તંત્રએ આ વિસ્તારમાં પાકા દબાણોનો સફાયો કરવા માટે ૨૦૦ પોલીસ, ૧૦૦ કર્મચારીઓ ઉપરાંત ૨૦ જે સી બી મશીન અને ૪૦ ટ્રેકટર કામે લગાડ્યા હતા.

## મોદી કેર અન્વયે જિલ્લાના ૮૦ હજાર પરિવારજનોને ૫ લાખ સુધીની સારવાર મળશે

ગાંધીનગર તા ૨૨

દેશના કરોડો નાગરિકોને ઉચ્ચ પ્રકારની મોંઘી સારવાર વિનામુલ્યે પુરી પાડવા માટે ભારત સરકાર દ્વારા આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના જાહેર કરાઈ છે. જયારે આજે આયુષ્યમાન ભારત યોજનાનો આજે ઝારખંડથી પ્રારંભ થવાનો છે. ત્યારે માદી કેર યોજના અન્વયે પણ પરિવારજનોને સુરક્ષિત કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લાના ૮૧ હજારથી વધુ પરિવારોને મોદી કેર પરિવારથી સુરક્ષિત કરાશે. જે પૈકી ૫૪ હજાર ગ્રામ્ય વિસ્તારના તેમજ ૨૬ હજાર જિલ્લાના શહેરી વિસ્તારના પરિવારોનો સમાવેશ થાય છે. આ પરિવારજનોને આરોગ્યલક્ષી સેવા મફત પુરી પાડવામાં આવશે. જિલ્લામાં આ મોટ ૯ જેટલા હેલ્થ એન્ડ વેલનેથ સેન્ટરો પણ ઉભા કરાશે. જયારે આ યોજના અન્વયે પરિવારોને રૂ ૫ લાખ સુધીની આરોગ્ય સેવા વિના મુલ્યે પુરી પાડવામાં આવશે. જેનો ખર્ચ કેન્દ્ર સરકાર ભોગવશે. રવિવારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ઓડીટોરીયમ ખાતે આ યોજનાના પ્રારંભ રૂપે ૧૦ લાભાર્થીઓને પ્રતિક રૂપે યોજનામાં સમાવી લેવાશે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ઓડીટોરીયમમાં સવારે ૧૧ : ૩૦ કલાકે પાણી પુરવઠા મંત્રી પરબત પટેલના હસ્તે આ યોજનાનો શુભારંભ કરવામાં આવશે. આ તબક્કે જિલ્લા કલેકટર એસ કે લાંગા, મ્યુનિ કમિશ્નર એસ એલ અમરાણી, જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયા ઉપસ્થિત રહેશે.

**આ યોજનાને વેગ આપવા માટે જિલ્લામાં ૯ જેટલા હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ઉભા કરાશે**

# સોમ-મંગળ, વેપારીઓ દ્વારા બંધનું એલાન

ગાંધીનગર તા ૨૨

રહેણાંકમાં કોર્મશિયલ નહીં..ના સુત્ર સાથે તંત્ર દ્વારા વેપારીઓને આ પ્રવૃતિ બંધ કરી દેવા તેમજ દુકાનો સીલ કરવા સુધીના કડક પગલા લેવામાં આવી રહ્યા છે. ઈમ્પેકટ ફી નો અમલ નહીં કરવાની સાથે તંત્રની આ કામગીરીથી આગ બબુલા બનેલા વેપારી એસોસિએશને આગામી સોમવાર અને મંગળવારે જડબેસલાક સ્વંયભુ બંધનુ એલાન જારી કર્યુ છે.

ગાંધીનગર વેપારી એસોસિએશને આ અંગે જણાંવ્યા મુજબ નગર અસ્તિત્વમાં આવ્યા બાદ મકાનો મુજબ ચીપટાઈપ અને મેઈન શોપિંગ સેન્ટરો બનાવાયા હતા. જયારે પાંચ દાયકાના અંતે પણ નવા કોર્મશિયલ કોમ્પલેક્ષો બનાવાયા નથી. જયારે નગરની વધતી વસતી વચ્ચે અન્ય ઉદ્યોગોના અભાવ વચ્ચે નિવૃત અને સ્થાયી થયેલા કર્મચારીઓના સંતાનોને બેરોજગારી ભરખી ગઈ છે. જયારે વસાહતીઓએ પોતના જ મકાનોમાં ધંધો કરી ગુજરાન ચલાવાનુ શરૂ કર્યુ છે. જી આઈ ડી સીના ઉદ્યોગો પણ સરકારની બેધારી નીતીના લીધે બંધ થયા છે. જયારે અન્ય કોઈ વિકલ્પ ન રહેતા રહેણાંકમાં કોર્મશિયલ ગતિવિધિઓ કરવામાં આવી રહી છે.પ્લોટોની હરાજીમાં પણ તળિયાનો ઉંચો ભાવ રાખી મધ્યમ વર્ગને પીસવાનો પ્રયાસ કરાયો છે. એકબાજુ સરકારી જમીનમાં મજુરી કરતા અને ઝુંપડામાં રહેતા શ્રમિકોને પાકા મકાનો બનાવી આપ્યા પણ ઝુંપડાનો પ્રશ્ન હજુ યથાવત છે. જયારે સરકારી જમીન પર ધંધો કરતા વેપારીઓને ફુડકોર્ટ પણ બનાવ આપી પરંતુ નાના અને મધ્યમવર્ગના વેપારીઓ માટે કાંઈ થતુ નથી.જયારે દબાણ અને હેતુફેરના મુદ્દે છેલ્લા બે મહીનાથી વેપારીઓને પરેશાન કરવામાં આવી રહ્યા છે.સરકારી જગ્યા પરનુ દબાણ દુર કરી પાર્કીંગની વ્યવસ્થા થાય તે માટે કામગીરી શરૂ કરવામાં આવી નગરજનોએ સહકાર પણ આપ્યો પરંતુ સમગ્ર વાતે રાજકીય રંગ પકડતા વેપારીઓને નિશાન બનાવવામાં આવ્યા છે. રહેણાંકમાં ધંધો કરતા વેપારીઓ માટે કોઈ વિકલ્પ આપ્યા વગર બિલ્ડરો અધિકારીઓ અને રાજકારણીઓએ સાંઠગાઠ કરી બી યુ પરવાનગી આપી દીધી . જયારે નોટબંધી બાદ મંદીના લીધે બિલ્ડરોની સ્કીમો ખાલી પડી છે.જયારે હવે હેતુફેર અનો દબાણના નામે વેપારીઓને હેરાન કરી બિલ્ડરોને રોકડી કરાવાનો કારસો કરવામાં આવી રહ્યો છે. તંત્રના અધિકારીઓ ઈન્કમટેક્ષની રેઈડ કરતા હોય તેમ રોજ નિકળી પડે છે. સીલ મારી દઈશ..શટરો કાઢી નાંખો..બોર્ડ ઉતારી દો.. દિવાલ ચણી નાંખો...ની મૌખિક સુચના આપે છે. વેપારીઓના જણાંવ્યા મુજબ અધિકારીઓની કામ કરવાની આ પધ્ધતિજ આધાતજનક છે. સેકટર પ્રમાણે આ કામગીરી નિષ્પક્ષ અને નિડરતા પુર્વક કરવામાં આવે તે અનિવાર્ય છે. નગરની સરકારી બિલ્ડીંગો, શૈક્ષણિક અને ધાર્મિક સંસ્થાઓ આસપાસ પણ જાહેર માર્ગો પર જ પાર્કીંગ થાય છે. જયારે રહેણાંકમાં ધંધો કરતા વેપારીઓને પાર્કીંગના મુદ્દે દબાવાય છે. રહેણાંકમા ંકોર્મશિયલ માટેની ઈમ્પેકટ ફી ની અરજીઓ પણ એપલેટ અધિકારી સમક્ષ પડતર છે. સે-૨૪ માં પણ રહીશોએ દબાણના મુદ્દે તંત્રને સહકાર આપ્યો પરંતુ હેતુફેરના મુદ્દે વેપારીઓમાં રોષ ભભુક્યો છે. વેપારી એસોસિએશને હેતુફેરના નામે વેપારીઓને હેરાન કરવા તેમજ ઈમ્પેકટ ફી નો અમલ નહીં કરવા સામે આગામી સોમવાર અને મંગળવાર બે દિવસ વેપારીઓએ ગાંધીનગર બંધનુ એલાન જારી કર્યુ છે. રહેણાંકના પ્લોટમાં હેતુફેરના નામે સીલ કરવાની કાર્યવાહી સામે વેપારીઓએ જડબેસલાક સ્વયંભુ બંધનુ એલાનની જાહેરાત કરી છે.

**રહેણાંકમાં ધંધો કરતા વેપારીઓને હેતુફેરના નામે બેરોજગાર કરવાનો કારસો : ઇમ્પેક્ટ ફી ના કાયદાનો અમલ નહીં કરી વેપારીઓને અન્યાય : રહેણાંકમાં કોર્મશિયલ નહી તે મામલે બી યુ પરવાનગી વેળાએ પણ ચકાસણી ન કરાઇ : વેપારી આલમમાં રોષ : વેપારીઓ બે મહીનાથી હેરાન પરેશાન**

# આજે રાજયભરમાં ગણેશ વિસર્જન

**ગણપતિ બાપ્પા મૌરયાના જયઘોષ ગુંજી ઉઠશે : દાદાના વિસર્જનને લઇ તંત્ર દ્વારા ખાસ વ્યવસ્થા : ડીજેના તાલ તેમજ અબીલ ગુલાલની છોળો વચ્ચે રેલીઓ યોજાશે**

ગાંધીનગર, તા. ૨૨

દસ દિવસના ગણેશ મહોત્સવ બાદ આવતીકાલે ગાંધીનગર-અમદાવાદ સહિત રાજયભરમાં ગણેશભકતો દ્વારા ગણેશ વિસર્જન કરવામાં આવશે. દસ દિવસ સુધી પોતપોતાના વિસ્તારમાં વિશાળ પંડાલ-શામિયાણા અને મંડપોમાં પૂજા-વિધી, આરતી અને ભકિત-વંદના કર્યા બાદ હવે આવતીકાલે લાખો શ્રધ્ધાળુઓ અને ગણેશભકતો ભારે હૈયે દાદાની મૂર્તિને વિદાય આપી તેનું વિસર્જન કરશે, ત્યારે ''ગણપતિ બાપ્પા મૌરયા, પુઢચ્યા વરસી લૌકરિયા''ના નારાઓ ગુંજી ઉઠશે. અમદાવાદ, વડોદરા, સુરત સહિતના શહેરોમાં ગણેશ વિસર્જનને લઈ તંત્ર દ્વારા ખાસ વ્યવસ્થા પણ કરવામાં આવી છે. તો બીજીબાજુ, ટ્રાફિક નિયમન અને સરળતા માટે રૂટ ડાયવર્ટીંગ અને વાહન પ્રતિબંધ અંગેના જાહેરનામા પણ જારી કરાયા છે. અમ્યુકો તંત્ર દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં

● અનુસંધાન પાન-૭ પર


**વેચવાના છે**

● 2BHK ફલેટ, બ્લ્યુબેલ-વાવોલ,
● ૧૯ વીઘા ખેતીની જમીન રોડ ઉપર બોર સાથે, ગાબટ, તા. બાયડ
● ૨ વીઘા ફાર્મ લાયક જમીન, રાંધેજા રૂપાલ રોડ
● મોકાની જમીન, સોનીપુર રૂપાલ રોડ

સંપર્ક
૯૮૨૪૪ ૦૯૩૨૭
૯૮૨૪૦ ૮૧૧૬૧

**નવરાત્રી કલેકશન**

લેટેસ્ટ ફેશનના ચણિયાચોળી, બાંધણી, લ્હેર્યા ચણિયાચોળી, ડીઝીટલ પ્રિન્ટ, મિરરવર્કવાળા, ટુ લેયર્સ, હાફ લેયર્સ ચણિયાચોળી, ગજીસિલ્ક, પટોળા, કચ્છી ચણિયાચોળી મળશે.
તેમજ એરિંગમાં હેન્ડમેઈડ, મોતી ઝૂમકા, ડાયમંડ, વુડન, અફઘાની બાલી અને અન્ય વેરાયટીમાં.
પ્રાચી હેમંતભાઈ મહેતા (ફેશન ડિઝાઈનર)
પ્લોટ નં. ૧૭૩, શોપીંગ સેન્ટર, સેક્ટર-૧૯, ગાંધીનગર
ફોન નં. ૦૭૯-૨૩૨૨૪૦૭૦

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ**®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com